સુવિચાર : જેમ જેમ મારા જ્ઞાનમાં વધારો થાય છે, તેમ તેમ મારી અજ્ઞાનતા મારી સામે આવતી જાય છે - ગોર્બાચોવ

તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૩૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૯ | ૩૦ નવેમ્બર, ૨૦૧૫, સોમવાર ; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

રાજ્યમાં પંચાયત-પાલિકા માટે ભારે મતદાન

તમામ જગ્યાએ ઉંચુ મતદાન થતાં ભાજપ ચિંતિત, કોંગ્રેસ ભારે ખુશ : જિલ્લા પંચાયતમાં ૨૪૯૧, તાલુકા પંચાયતમાં ૧૧૬૩૫ અને નગરપાલિકા ચૂંટણીમાં ૫૨૯૬ ઉમેદવારોના ભાવિ સીલ : બીજી ડિસેમ્બરે મતગણતરી

અમદાવાદ, તા. ૨૯ ૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણી માટે અનેક પ્રકારના તર્ક વિતર્કોના દોર વચ્ચે આજે શાંતિપૂર્ણરીતે મતદાન યોજાયુ હતુ. મતદાન પૂર્ણ થયા બાદ મતદાન થયું હતું જેથી કોંગ્રેસની છાવણીમાં ખુશીનું મોજુ ફરી વળ્યું

જિલ્લા અને ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણી માટે અનેક પ્રકારના તર્ક વિતર્કોના દોર વચ્ચે આજે નગરપાલિકામાં ૬૩.૯૬, જિલ્લા પંચાયતમાં ૬૨.૯૨ અને તાલુકા પંચાયતમાં ૬૩.૯૬ ટકા જેટલું છે. કેટલીક જગ્યાએ વધારે અને કેટલીક જગ્યાએ અપેક્ષા કરતા ઓછુ મતદાન રહ્યુ હતુ. જો કે કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના બની ન હતી. આજના મતદાનની સાથે જ ૩૧ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૯૮૮ બેઠકો માટે મેદાનમાં રહેલા કુલ ૨૪૯૧ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.જ્યારે ૨૩૦ તાલુકા પંચાયતમાં રહેલી ૪૭૭૮ બેઠકો માટે મેદાનમાં રહેલા ૧૧૬૩૫ ઉમેદવારોના ભાવિ પણ સીલ થઈ ગયા હતા. આ ઉપરાંત ૫૬ નગરપાલિકાની ૨૦૮૮ બેઠક માટે મેદાનમાં રહેલા ૫૨૯૬ ઉમેદવારોના ભાવિ પણ સીલ થઈ ગયા હતા. આજે સવારે તમામ મતદાન મથકો પણ મતદાનની ધીમી ગતિએ શરૂઆત થઈ હતી. જો કે બપોરે તેમાં તેજી આવી હતી. પોતાના પસંદગીના ઉમેદવારોને ચૂંટી કાઢવા માટે મતદારો ઉત્સાહિત દેખાયા હતા. મહત્વના આંકડાની વાત કરવામાં આવે તો કુલ મતદારોની સંખ્યા ૨.૫૯ કરોડ નોંધાઈ હતી. જે પૈકી મોટી સંખ્યામાં મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તમામ જગ્યાએ જોવામાં આવે તો ૮૧૧૦ મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા હતા. મતદારોમાં પોતાના પસંદગીના ઉમેદવારને મત આપવાને લઈને

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં ભારે સુરક્ષા વચ્ચે શાંતિપૂર્ણ મતદાન સંપન્ન

કેન્દ્રીય અર્ધલશ્કરી દળો, એસઆરપીએફ તેમજ ક્વિક રિસ્પોન્સ ટીમ પણ તૈનાત

અમદાવાદ, તા. ૨૯ ૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૦ તાલુકા પંચાયતની ચૂંટણી આજે શાંતિપૂર્ણરીતે યોજાઈ હતી. આને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો, પોલીસ જવાનો, કેન્દ્રીય અર્ધલશ્કરી દળો, રાજ્ય અનામત પોલીસ દળની તૈનાતી કરવામાં આવી હતી. ચુંટણીને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા ગઈકાલે ગોઠવી દેવામાં આવી હતી. કોઈપણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ ઉપરાંત ગુજરાત પોલીસના હજારો જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. જેમાં હોમગાર્ડના જવાનોનો સમાવેશ થાય છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ પોલીસની અનેક કંપનીઓ બોલાવવામાં આવી હતી. આજે સવારે મતદાન ૮ વાગ્યાથી શરૂ થઈ ગયા બાદ સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું. આજના મતદાનની સાથે જ બે રાઉન્ડમાં યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓ પૂર્ણ થઈ હતી. હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત છ કોર્પોરેશનની ચૂંટણી અને જિલ્લા, તાલુકા પંચાયત તથા નગરપાલિકાની આજે યોજાયેલી ચૂંટણી માટેના પરિણામ બીજી ડિસેમ્બરના દિવસે જાહેર કરાશે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં ૨૨મી નવેમ્બરના દિવસે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં આશરે ૪૮ ટકા મતદાન થયું હતું.

ભાજપ અને કોંગીની વચ્ચે સીધી સ્પર્ધા

અમદાવાદ,તા.૨૯ જિલ્લા, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી માટેનો તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા દેખાઈ રહી છે. ભાજપ પોતાના તમામ ગઢને જાળવી રાખવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. જિલ્લા પંચાયતની ૯૮૮ બેઠકોની ચૂંટણી માટે ભાજપે ૯૮૭ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે જ્યારે કોંગ્રેસે ૯૮૫ ઉમેદવારને મેદાનમાં ઉતારવામાં આવ્યા બાદ આ તમામના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૫૧૯ અન્યો પણ ભાગ્ય અજમાવી રહ્યા છે. તાલુકા પંચાયતની ૪૭૭૮ બેઠકો માટે ભાજપે ૪૭૧૬ અને કોંગ્રેસે ૪૬૯૭ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા બાદ આ તમામના ભાવિનો ફેંસલો હવે બીજી ડિસેમ્બરના દિવસે થશે.

આજે મતદાન યોજાયા બાદ આ તમામના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે લગભગ તમામ બેઠકો પર પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. જિલ્લા પંચાયતમાં ૭, તાલુકા પંચાયતમાં ૫૪ અને નગરપાલિકામાં ૨૭ ઉમેદવાર બિનહરીફ જાહેર થઈ ચુક્યા છે. આવી જ રીતે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાન મથકોની સંખ્યા ૩૩૬૮૨ રાખવામાં આવી હતી. આ તમામ જગ્યાઓ ઉપર ૧.૬૯ લાખ મતદાન અધિકારીઓ ફરજ ઉપર તૈનાત રહ્યા હતા જ્યારે તાલુકા પંચાયતમાં મતદાન માટે ૩૩૬૮૨ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા જ્યાં ૧.૬૮ લાખ પોલિંગ અધિકારીને ગોઠવવામાં આવ્યા હતા. નગરપાલિકામાં પણ મોટી સંખ્યામાં મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા. લોકોને તકલીફ ન પડે તે માટે પુરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

ભાજપ-કોંગી વચ્ચે જંગ

જિલ્લા પંચાયતમાં બિનહરીફ	૦૭
તાલુકા પંચાયતમાં બિનહરીફ	૫૪
નગરપાલિકામાં બિનહરીફ	૨૭
જિલ્લા પંચાયતમાં ભાજપ ઉમેદવાર	૯૮૭
તાલુકા પંચાયતમાં ભાજપ ઉમેદવાર	૪૭૧૬
નગરપાલિકામાં ભાજપ ઉમેદવાર	૧૯૪૫
જિલ્લા પંચાયતમાં કોંગી ઉમેદવાર	૯૮૫
તાલુકા પંચાયતમાં કોંગી ઉમેદવાર	૪૬૯૭
નગરપાલિકા કોંગી ઉમેદવાર	૧૮૦૧
જિલ્લા પંચાયતમાં અન્યો ઉમેદવાર	૫૧૯
તાલુકા પંચાયતમાં અન્યો ઉમેદવાર	૨૨૨૨
નગરપાલિકામાં અન્યો ઉમેદવાર	૧૫૫૦

મતદાનના મહાપર્વમાં મતદારોનો મહા ઉત્સાહ

(તસવીર : દિપક જાની)

કયા જિલ્લામાં કેટલું મતદાન

ગાંધીનગર, તા.૨૯

રાજ્ય ચૂંટણી પંચના અધિકૃત સૂત્રો દ્વારા રાત્રે ૯-૩૦ સુધીમાં મળેલા આંકડા મુજબ કયા જિલ્લામાં જિલ્લા પંચાયત કેટલું મતદાન થયું હતું તેની વિગતો.

જિલ્લો	મતદાન (ટકા)		
નર્મદા	૭૭.૮૯	ભાવનગર	૬૨.૮૫
ભરૂચ	૫૫.૬૦	જૂનાગઢ	૬૪.૩૬
સુરત	૬૯.૦૪	જામનગર	૬૬.૦૩
તાપી	૭૪.૫૧	ગીર-સોમનાર	૭૦.૧૯
વલસાડ	૬૭.૯૪	બોટાદ	૬૮.૮૫
નવસારી	૭૧.૦૧	અમરેલી	૫૮.૬૨
મહિસાગર	૬૮.૮૩	રાજકોટ	૬૨.૮૦
અરવલ્લી	૬૮.૮૮	મોરબી	૫૫.૦૫
સાબરકાંઠા	૬૩.૪૩	આણંદ	૬૭.૭૦
પાટણ	૬૫.૩૧	છોટાઉદેપુર	૪૭.૯૩
મહેસાણા	૬૬.૯૪	વડોદરા	૪૨.૯૪
ગાંધીનગર	૬૪.૫૭	દાહોદ	૪૮.૯૧
સુરેન્દ્રનગર	૬૬.૫૦	પંચમહાલ	૬૪.૧૭
કચ્છ	૬૧.૨૩	અમદાવાદ	૬૯.૮૩
ડાંગ	૬૨.૫૮	દેવભૂમિ દ્વારકા	૬૯.૩૯
		પોરબંદર	૬૧.૭૦

આજે ગાંધીનગર આવતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી

ગાંધીનગર, તા.૨૯

ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી આજે ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ સાંજે ૬-૩૦ કલાકે રાજભવન ખાતે મોટર માર્ગે આવી પહોંચશે.

ગુજરાતના ત્રિદિવસીય પ્રવાસે આવી રહેલા રાષ્ટ્રપતિ કઢલાલ ખાતે અમૂલ ડેરીના પ્રોજેક્ટના કાર્યક્રમમાં હાજરી આપી ગાંધીનગર આવશે. ગાંધીનગર ખાતે તેઓ રાત્રિ રોકાણ કરશે. રાષ્ટ્રપતિ સાથે ૩૯ જેટલા અન્ય મહેમાનો પણ તેમની સાથે આવી રહ્યા છે.

તેઓ ૨જીએ સવારે ગાંધીનગરથી અમદાવાદ ગાંધી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ અને આઈ.આઈ.એમ.ના કાર્યક્રમમાં હાજરી આપી દીવ જવા રવાના થશે.

આ પછી ૩જીએ સવારે સૌરાષ્ટ્રના વિસ્તારોમાં આવી જામનગર થઈ દિલ્હી પરત જવા રવાના થશે. રાષ્ટ્રપતિની ગુજરાત યાત્રાને લઈ તંત્ર તેની તૈયારીમાં વ્યસ્ત બનેલ છે.

કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સામે ભાજપ દ્વારા આચારસંહિતા ભંગની ફરિયાદ

કોંગ્રેસ પક્ષના પ્રતિક ખેસ સાથે મતદાન કરી આચારસંહિતાનો ભંગ કર્યો : ભાજપ દ્વારા ચૂંટણી પંચ સમક્ષ પગલાની માંગ : અનેક જગ્યાઓએ મતદારોના નામો ડિલિટ થતાં નારાજગી

અમદાવાદ, તા.૨૯ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ કોંગ્રેસ પક્ષના પ્રતિક ખેસ સાથે મતદાન કરી આદર્શ ચૂંટણી આચારસંહિતાનો ભંગ કર્યા બાદ આ સંદર્ભમાં વિધિવતરીતે ફરિયાદ કરવામાં આવી હતી. ભાજપે ચૂંટણી પંચને ફરિયાદ કર્યા બાદ આ મામલામાં તપાસ હાથ ધરાઈ હતી. ભાજપાના પ્રદેશ ચૂંટણી લીગલ સેલના કન્વીનર પરિન્દુભાઈ ભગત દ્વારા સોલંકી વિરૂધ્ધ આચારસંહિતા ભંગની ફરીયાદ ચૂંટણીપંચને કરવામાં આવી હતી અને યોગ્ય પગલા લેવા માંગણી કરી હતી. દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત છ કોર્પોરેશનની ચૂંટણીમાં મોટી સંખ્યામાં મતદારોના નામ ડિલિટ થઈ ગયા હતા. આવી જ રીતે આ ફરિયાદ આજે પણ ઉઠી હોવાના અહેવાલ મળ્યા છે. મતદાર યાદીમાં નામો લાપત્તા રહેવાને લઈને હોબાળો યથાવત રહ્યો હતો.

મળેલી માહિતી મુજબ અગાઉ કોર્પોરેશનની ચૂંટણીમાં આને લઈને હોબાળો રહ્યા બાદ સ્થિતિને સુધારવા માટેના પ્રયાસો કરાયા હતા. ઘણી જગ્યાઓએ આજે કેટલાક મતદારો દ્વારા બહિષ્કાર પણ કરવામાં આવ્યો હતો. આજે ગુજરાતમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાનું મતદાન યોજાયુ હતું ત્યારે સંખ્યાબંધ ગામડાઓમાં મતદારોએ બહિષ્કાર કર્યો હતો. જેમાં મહેસાણાનું ગોઝારિયા ગામમાં મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો ન હતો.

WE CAPTURE Feelings
આપના આંગણે આવેલા અવસરને અમે યાદગાર બનાવીશું...
Vinayak Vision Video Films
Video - Photo Graphics - 2D&3D Annimation
Available Services :
● HD Live Setup
● Zimi 35 Ft.
● Full HD Camera Setup
● L.E.D. Wall Screen
● Web Live Telecast through Internet
● Plazma TV / Projector Screen
Mo. 98248 28169
E-mail : jaycholy@gmail.com | website : www.vinayakfilms.com

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
● ગુજરાતી થાળી ● મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
● કાફે (24x7) ● બેન્કવેટ્સ ● રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area
● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અદ્યતન કીચન તથા વોશ એરિયા
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫